न्द्रिका।

त्तिष्ठत ... प्राप्य वरान्निबोधत" ॥

સ્વધર્મ.

"यतो धर्मस्ततो जय:" ॥

३८

યોજક તથા પ્રવર્તક,

પ. હ. મેહતા.

अध्यात्मचन्द्रिका. અંક ૧.

॥ " उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत " ॥

સ્વધર્મ.

" यतो धर्मस्ततो जयः " ॥

યોજક તથા પ્રવર્તક,

પ. હ. મેહેતા.

मूल्य ०-१-०.

વિજ્ઞપ્તિ.

ધર્મની જે ચર્ચા ઈંગ્રેજી ભાષામાં ચાલી રહીછે તેનો લાભ ગૂજરાતિ વાંચકવર્ગને આપવા માટે અ-ધ્યાત્મચન્દ્રિકાની પ્રવૃત્તિ છે.

એ લાભ સહજ મળી શકે માટે એનું સાધન આવી પત્રિકાઓ રાખી છે. એ પત્રિકાના પ્રત્યેક અં-કમાં એક એક સંપૂર્ણ વિષય લખાશે. એક પત્રિકાના વેચાણ પ્રમાણે તે પછીની પત્રિકાઓ વહેલી મોડી પ્રસિદ્ધ થશે.

આ પત્રિકા ઉપયોગી જણાશે તો એના જેવાંજ જરા મ્હોટાં પુસ્તકો પ્રસિદ્ધ કરવાનું બની શકશે.

ખંભાત.
શ્રાવણ સુદ ૩,
જુલાઈ ૧૯૦૦.

પ. હુ. મહેતા.

આ પછી પ્રસિદ્ધ થવાની પત્રિકાઓ.

અધ્યાત્મ ચન્દ્રિકા અંક ૨ જો તથા ૩ જો.

૨. સંસાર યાત્રા.

૩. વિશ્વ દર્શન.

સ્વધર્મ.

× × × આ લેખમાં જ્યાં સત્ય હશે તે સાર્વત્રિક છે; જ્યાં દોષ હશે તે યોજકના છે.

શ્રી મુખે ગીતાજીમાં ગવાયું છે કે,

" પરધર્માચરવા થકી, શ્રેય વિગુણુ નિજ ધર્મ;
સ્વધર્મમાં મરવું ભલું, ભય આપે પર ધર્મ. " ૩૫. અ.૩.

મનુષ્ય માત્રને જે જે ધર્મ પ્રાપ્ત થાય તે તે ધર્મ કદી અન્ય ધર્મથી ન્યૂન દેખાય છતાં તે પ્રાપ્ત ધર્મ-જે સ્વધર્મ કહેવાય છે તે, તેને માટે યોગ્ય જ છે. માટે પ્રત્યેક મનુષ્યે પોતાનો ધર્મ આચરવો એ જ યોગ્ય છે. પરધર્મ ગ્રહણુ કરવામાં બહુ ભય રહેલો છે. આ વાત યથાર્થ સમજવા માટે ધર્મ શું ? સ્વધર્મ શું ? પરધર્મ શું ? સ્વધર્મમાં શ્રેય શા માટે? પરધર્મમાં ભય શા માટે ? આદિ બહુ બહુ પ્રશ્નો ઉઠે છે. એ સર્વ પ્રશ્નોના શા શા ઉત્તર મળે છે, અને તે પરથી શું નિશ્ચયપર આવી શકાય છે તે આપણે અહિ જોઈશું. એ નિશ્ચય થતાં જ, ઊપલી ભગવદ્ ઊક્તિ કેવી ભવ્ય છે, તે સમજાશે.

ધર્મ એટલે શું?

આ વાત પ્રથમ સમજી રાખવાની અગત્ય છે. કારણ કે એમ કર્યાવિના સ્વધર્મ, પરધર્મ આદિ સમજી શકાય નહિ. ધર્મ એટલે શું ? એ પ્રશ્નનો વિચાર કરતાં જ જણાય છે કે,જુદા જુદા દેશમાં, જુદા જુદા કાલમાં,જુદાજુદા મનુષ્યો એ ધર્મએ શબ્દનાજુદા જુદાઅર્થ કીધા છે. કોઈક એમમાને છે કે, કોઈ અમુક દેવ દેવીની ઊપાસના એજ ધર્મ છે, તો કોઈ એમ સમજે છે કે, અમુક કર્મ, ક્રિયા, આદિ કરવાં એજ ધર્મ છે. કોઈક ઈશ્વરને પુજવામાં, તો કોઈ જ્ઞાન પ્રાપ્ત કરવામાં જ, ધર્મની સમાપ્તિ થતી માને છે. કોઈક વળી કોઈ ગુરૂની સેવામાં જ ધર્મ માને છે. કોઈક અમુક નીતિ નિયમને અનુસરી રહેવામાં જ ધર્મ માને છે. વળી કોઈ તો ખાઈ, પી, અનેક પ્રકારના ભોગ ભોગવી લેવાનો જ ધર્મ છે એમ પણ સમજે છે. આ અને એવા બીજા પણ અનેક તર્કો થયા છે. પણ એ બધામાંના કોઈ અમુક વિચારથી ધર્મનું સંપુર્ણ સ્વરૂપ સમજી શકાતું નથી. હવે એ સ્વરૂપ બરાબર સમજાય એટલા માટે એક બીજો પ્રશ્ન પૂછીએ. ઊપર ધર્મનાં જે જે રૂપો કલ્પાએલાં જોયાં તે દ્વારા પ્રાપ્તવ્ય શુંછે ? એનો ઉત્તર બધેથી એમ જ મળશે કે, સુખ એજ પ્રાપ્તવ્ય છે.? આ સુખ શું છે, તે વિચારતાં જણાય છે કે, જુદા જુદા મનુષ્યો જુદી જુદી વસ્તુમાં સુખ માને છે. પણ એટલું તો છેજ કે, ધર્મ માત્રનો ઊદ્દેશ એટલો

જ છે કે સુખ મેળવવું. એ સુખ મેળવવા માટે જ ધર્મની યોજના છે; અને જેમ સુખનાં સ્વરૂપ જુદાં છે તેમ તે જુદા જુદા પ્રકારનાં સુખ મેળવવા માટે યોજાયલા ધર્મ પણ જુદા જુદા છે. જેથી એક માણસને સુખ થાય તેથી બીજાને દુ:ખ થાય, અને ત્રીજાને તેથી સુખ કે દુ:ખ કશું થાય જ નહિ. ત્યારે જુદા જુદા મનુષ્યોને જેમાં સુખ સમજાયું હોય તે તે વસ્તુ મેળવી લેવા જે જે માર્ગો યોજ્યા છે તે ધર્મ કહેવાય છે, એમ સમજાય છે. આ પરથી ધર્મનું જે સ્વરૂપ સિદ્ધ થાય છે તે એ કે, સુખ પ્રાપ્તિનું સાધન તે ધર્મ. જેમ સુખનો પ્રકાર ઉત્તમ તેમ તે મેળવી લેવાનો માર્ગ પણ ઊત્તમ જ હોય. ઊત્તમ સુખનું સ્વરૂપ શું છે, એ વિચાર અહિ અપ્રાસંગિક છે તેથી તે માટે જે નિર્ણય થયો છે તે જ અહિ લઈશું. જે સુખ નિત્ય હોય, જે ભોગવ્યાથી ઓછું પડેનહિ, તે જ ઊત્તમ સુખમનાયુંછે. એને જ મોક્ષ એ નામ પણ આપ્યું છે. ત્યારે મોક્ષ પ્રાપ્તિનો માર્ગ, પરમ કલ્યાણનો માર્ગ તે ધર્મ.

આ તો ધર્મનું સામાન્ય સ્વરૂપ થયું. પણ એ સામાન્ય સ્વરૂપ સર્વને એક સરખું રૂચે નહિ; માટે, જુદા જુદા મનુષ્યને અનુકૂલ પડે એવા વિશેષ ધર્મોની જરૂર પડે છે, કે જેથી તેઓ ઉત્તરોત્તર આ પરમ કલ્યાણની સિદ્ધિ પ્રાપ્ત કરવાને માર્ગે દોરવાય. પૃથિવીપર જુદા જુદા જેટલા ધર્મો છે, તેમ જ એ મુખ્ય ધર્મોમાંથી જે જે માર્ગ સંપ્રદાયાદિ

ઊત્પન્ન થયા છે, તે સર્વ તપાસતાં સમજાશે કે એ સર્વ એક જ સનાતન ધર્મનાં રૂપાન્તર માત્ર છે. જે કાલે, જે દેશમાં, જે ધર્મનો બોધ થયો છે તે, તે દેશકાલનાં મનુષ્યોને, એ સનાતનધર્મનો જે અંશ શ્રેયસ્કર હોય, તેનો જ થયો છે. એટલું ધ્યાનમાં રાખવું જોઇએ કે, બધા ધર્મ પ્રવર્તકો, ન્યૂનાધિક અંશે, જેમને તેમણે બોધ કીધો હોય છે, તે સર્વ કરતાં શ્રેષ્ઠ ભૂમિકાના મનુષ્યો હતા; તેથી જે પ્રજા, કે પ્રજાના વર્ગને બોધ કરવાનું તેમને પ્રાપ્ત થયું હતું તેમનો અધિકાર તેઓ સમજી શકતા અને તેને અનુસાર તેઓ બોધ કરતા, કે તેથી કરી તેમની ઊન્નતિ થાય.

આ પરથી સમજાશે કે, જુદા જુદા આચાર્યોએ જે જે ધર્મોના બોધ કીધા છે તે દરેક ધર્મ જ્યાં સર્વાંશે સંપૂર્ણ ન હોય ત્યાં, તે તે આચાર્યોની દૃષ્ટિ ટૂંકી હતી અથવા તેઓ અજ્ઞ હતા એમ કહેવા કરતાં, એમ કહેવું વધારે યોગ્ય છે કે તેઓ જ્ઞાની છતાં, જેમને બોધ કરવાનું તેમને પ્રાપ્ત થયું હતું તેમના અધિકારને અનુસાર તેઓએ જે બોધ કરેલો તે સર્વાંશે સંપૂર્ણ હોઈ ન જ શકે. એવો સર્વાંશે સંપૂર્ણ બોધ લાભને બદલે હાનિકારક જ નિવડે. આ પરથી એક બીજી વાત પણ ધ્યાનમાં આવશે. તે એ કે, કેટલાક ધર્મો માત્ર કાલ ધર્મો હોય છે ત્યારે કેટલાક નિત્ય હોય છે. જે ધર્મો અમુક દેશકાલની પ્રજાને લઇને બંધાયો હોય તે કાલધર્મ કહેવાય છે. જે ધર્મ સર્વ પ્રકારના મનુષ્યોને

યોગ્ય હોય, સર્વકાલે અનુસરાય એવો હોય, અને સર્વ પ્રકૃતિના મનુષ્યોને માટે જેમાં સોઈ હોય તે નિત્યધર્મ કહેવાય. હિંદુધર્મની ખૂબી એ જ છે કે એ આવો એકનિત્ય ધર્મ છે. એમાં જુદી જુદી પ્રકૃતિના મનુષ્યને અનુકૂલ સર્વ અંશો રહ્યા છે. એમાં જે ધર્મ બંધાયો છે તે એવો છે કે મ્હોટા મ્હોટા તત્વજ્ઞોને પણ જેથી સંતોષ અને શાંતિ થાય, તેમ જ અજ્ઞમાં પણ અજ્ઞ એવા ગમારની ધર્મ ભાવના પણ જેથી સંતોષાય. આથી જ કરીને, અનેક અવસ્થાન્તર થયા છતાં પણ હિંદુધર્મ છે તે છેજ. એ સર્વ અવસ્થાન્તરનેઅનુસારતત્વો એમાં રહેલાં હોવાથી,માત્ર તેતે અવસ્થામાં તે તે તત્વ આગળ પડી આવેલું દેખાય છે, પણ ધર્મનો કેવળ લોપ થએલો કદી પણ દેખાયો નથી. હિંદુધર્મની મહત્તા આમાં જ છે.

ધર્મનું સ્વરૂપ શું છે? તથા તેના કે'વા કે'વા પ્રકાર છે? એનો આટલો વિચાર કર્યા પછી હવે

સ્વધર્મ શું?

એનો વિચાર કરીએ. ત્યાં શ્રી કૃષ્ણભગવાન ગીતાજીમાં કહે છે કેઃ—

ગુણ કર્મના ભેદથી સૃજી જાત મેં ચાર. ૧૩ અ. ૪

મનુષ્ય માત્રના આ પ્રમાણે ચાર વર્ગ પાડી શકાય છે. મનુષ્યનો ઇતિહાસ તપાસતાં જણાય છે કે દરેક પ્રજામાં

આવી વર્ણવ્યવસ્થા કોઇને કોઈ રૂપાન્તરે દષ્ટિએ પડે છે. મનુષ્યનો સ્વભાવ જ એવો છે કે સુધરેલા જનમંડલની આવી કાંઈક વ્યવસ્થા હોવી જ જોઇએ દરેક જનમંડલમાં એક એવો વર્ગ હોય જ છે કે જેનાથી બીજું કાંઈ કાર્ય ન થઈ શકે પણ જે દાસત્વ જ કરે. કારણકે, જો દાસત્વ કરનાર વર્ગ ન હોય તો જનમંડલ અવ્યવસ્થિત થયા વિના રહે જ નહિ. એ કાર્યને નીચું ગણી જો કોઈ તે કરે નહિ તો સમાજની વ્યવસ્થા થઈ જ શકે નહિ. વળી એક વર્ગ એવો પણ જોઇએ કે જે પોત પોતાનાં દેશ અને સાધનોને અનુકૂલ અનેક પ્રકારના પદાર્થો ઊપજાવી, તે જ્યાં ન હોય ત્યાં લઈ જાય તથા પોતાના દેશને ઉપયોગી, પણ પરદેશમાંથતી, વસ્તુઓ ત્યાંથી લાવે. આવું અને એસંબંધી કાર્ય કરનાર એક વર્ગ પણ હોવો જ જોઇએ. આવો વૈશ્ય વર્ગ એ આર્યજનમંડલનું મધ્યબિંદુ છે, એટલું જ નહિ પણ સર્વ સ્થલે બીજા સર્વ વર્ગોનો આધાર વેપારી વર્ગપર હોવાને લીધે સર્વત્ર એ વૈશ્યવર્ગ સંસાર વ્યવહારમાં એક મુખ્ય વર્ગ મનાયો છે. પરંતુ જ્યાં સુધી દેશમાં શાંતિ ન હોય, તથા વિદેશી રાજ્ય તરફથી નિર્ભયતા ન હોય ત્યાં સુધી આ કાર્ય બરાબર થઈ શકે નહિ. માટે, દેશનું માંહેથી તથા બહારથી રક્ષણ કરનાર પણ એક વર્ગ અવશ્ય જોઇએ. આવો ક્ષત્રિયવર્ગ પણ કોઇને કોઈ રૂપે દરેક પ્રજામાં જોવામાં આવે છે. પણ ઇતિહાસથી સિદ્ધ થાય છે કે એ

ક્ષત્રિયવર્ગને પણ તેમની મર્યાદામાં રાખવા તથા બીજી બધી વર્ણોને પોત પોતાને યોગ્ય માર્ગે દોરવવા એક બીજા વર્ગનીપણ અવશ્યજરૂરછે. આવર્ગ તે બ્રાહ્મણોનોછે. આજ જેઓ બ્રાહ્મણો કહેવાય છે તે તો માત્ર ભ્રમ જ ઉત્પન્ન કરાવે છે. બ્રાહ્મણ તે એ જ કે જે પોતે બ્રહ્મને જાણે છે, અને અન્યને તેને જાણવાને માર્ગે દોરવે છે. આવા ઉપદેશક વર્ગવિના ક્ષત્રિયવર્ગ બહુ પીડાકારક નિવડે છે એ ઇતિહાસથી સિદ્ધ છે. ત્યારે આ પ્રમાણે ચાર વર્ણ સર્વત્ર જોવામાં આવે છે. એ વર્ણોના ધર્મ જુદા જુદા છે, એટલે તેમને જે કરવાનું છે તે જુદું જુદું છે. એ પ્રત્યેક વર્ણના ધર્મ કર્મ શું શું છે તેનો વિચાર કરતાં વિસ્તાર થઈ જાય માટે અહિં એટલું જ કહીશું કે તે વિષે મહાભારત અને ગીતાજીમાં જોઇ લેવું. ધર્મ મૂર્તિ ભીષ્મ અને સાક્ષાત ભગવદ્ અવતાર શ્રીકૃષ્ણના જેવો એનો બોધ બીજું કોણ કરી શકે ?

આ પ્રમાણે જુદા જુદા વર્ણોને જે જુદું જુદું કાર્ય કરવાનું છે તે તે તે વર્ણના સ્વધર્મ કહેવાય છે. પ્રશ્ન થશે કે, એનો નિશ્ચય કોણ કરે છે ? તે તે વર્ણના સ્વાભાવિક ગુણ.

ત્યાં ગીતાજીમાં કહ્યું છે કેઃ—

" બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્યને, શૂદ્રોના અર્જુન;
સ્વાભાવિક ગુણથી કર્યાં, કર્મ જુદાં તે સૂન. "૪૧. અ. ૧૮.

વર્ણ ધર્મનો આધાર સ્વભાવ ઉપર છે. અહિ 'સ્વભાવ' એ શબ્દ બહુ ધ્યાન આપી સમજી રાખવાનો છે. અમુક સમયે અમુક જીવની જે સ્થિતિ હોય છે, તે તેના પૂર્વ કર્માનુસાર હોય છે. મનુષ્ય પ્રવૃત્તિમાં બે અંશોની ગણના થાય છે. દેહ અને દેહી. એ બેઉની સ્થિતિ પ્રારબ્ધને આધીન છે. જેમ જુદાં જુદાં કામ કરવાને જુદાં જુદાં સાધનોની જરૂર છે તેમ, જીવને જુદી જુદી ક્રિયા કરવા માટે, તે તે ક્રિયાને યોગ્ય જુદાં જુદાં સાધનની જરૂર છે. જીવનાં એ જુદાં જુદાં સાધનોનો સમાસ તેના સ્થૂલ અને સૂક્ષ્મ દેહમાં થાય છે. જુદા જુદા જીવોની ક્રિયા સરખાવતાં તેમાં જે ભેદ ગણાય છે તેનાં કારણ બે છે; એક તો એ કે, જીવ માત્ર વૃદ્ધિ ક્રમની જુદી જુદી ભૂમિકાપર છે, તેથી તેમની શક્તિ ન્યૂનાધિક હોય છે, અને બીજું એ કે તેને અનુસાર તેમના દેહની સ્થિતિ પણ જુદી જુદી છે. ચાર વર્ણો પણ મનુષ્યસમુહના જ વિભાગ છે, આ જુદી જુદી ભૂમિકાના મનુષ્યજીવોના મુખ્ય ચાર વર્ગ છે જુદી જુદી શક્તિ ધરાવનારા મનુષ્યોમાંથી પણ ન્યૂનાધિકપણે પણ સામાન્ય શક્તિ ધરાવનાર આ ચાર વર્ણની વ્યવસ્થા થઈ હતી. મનુષ્યની સ્થિતિ એવી છે કે, એ દરેક વર્ણના જીવોમાં પણ જે શક્તિઓ રહેલીછે તેની ન્યૂનાધિકતા એવી સ્પષ્ટ છે કે, તેથી તે દરેકના ધર્મ જુદા જુદા હોય છે. જીવ માત્રમાં જે ભેદ જણાય છે તે તેમના પૂર્વજન્મના

સંસ્કારને લઇને છે. એ પૂર્વ સંસ્કારને જ અહિં સ્વભાવ એ નામ આપ્યું છે. ત્યારે પૂર્વ કર્માનુસાર વર્ણ, ધર્મ અને તેમાં પણ પ્રત્યેક જણના પાછા સંસ્કાર વિશેષને લઈ વિશેષ ધર્મ હોય છે.

આ સંસ્કાર ભેદ કેમ ઉત્પન્ન થાય છે એ પ્રશ્ન વિચારવા યોગ્ય છે. પણ એનો વિચાર કરતાં પહેલાં એક બીજી વાતનો વિચાર કરી લેવાનો છે. તે એ કે, જો મનુષ્ય માત્રના ધર્મ જુદા જુદા છે તો શું નીતિનું ધોરણ પણ જન જન પ્રત્યે જુદું હશે કે એક જ. નીતિએ ધર્મનો એક ભાગ છે. જે પરમ સુખની પ્રાપ્તિ કરવા માટે ધર્મ માત્ર યોજાયા છે તે પ્રાપ્ત થઈ શકે માટે મનુષ્યે પોતાના વ્યવહાર કેવે ધોરણે રાખવા જોઇએ તેનો વિચાર જે શાસ્ત્રમાં હોય તેને નીતિશાસ્ત્ર કહે છે એમાં પાપ પુણ્યનો નિર્ણય કરેલો હોય છે. માત્ર ઉપલક જ વિચાર કરનાર મનુષ્યો અને વિશેષે કરી ઉશ્રૃંખલ યુવકો એમ માને છે કે, પાપ શું? પુણ્ય શું? સારૂં શું? માઠું શું? એનો નિશ્ચય કરવો બહુ સહેલો છે. પણ ખરૂં જોતાં આમ નથી. જેઓ પોતાના આચારપર દૃષ્ટિ રાખે છે, વ્યવહારના અનેક પ્રસંગોને વિચારી જુએ છે, અને તે સર્વમાં અધર્મથી દૂર રહેવાની ઇચ્છા રાખે છે તેઓ જાણે છે કે, નીતિ એ બહુ ગૂઢ વિષય છે. કાર્યાકાર્યનો નિર્ણય કરવો બહુ કઠિણ છે. ઘણીવાર જણાય છે કે જે કાર્ય એક મનુષ્ય કરે ને તે સારૂ

ગણાય છે તેજ કાર્ય બીજુ મનુષ્ય કરે ત્યારે નઠારૂં ગણાય છે. એ જ પ્રમાણે એકનું કરેલું જે કાર્ય નઠારૂં ગણાય છે તે જ બીજાનું કરેલું હોય તો સારૂં ગણાય છે. ત્યારે એ સારૂં નઠારૂં કેમ થયું? અને નઠારૂં સારૂં કેમ થયું? કોઈ પણ માણસનું ખૂન કરવું એ નઠારૂં છે, પણ ખુન કરેલાને ફાંસીએ ચડાવવો એ સારૂં છે. આમ કેમ? એ સમજવું બહુ જરૂરનું છે. કોઈપણ વસ્તુ કે ક્રિયા કેવળ સારી કેવળ માઠી નથી. એ તેમનું સારા માઠાપણું અન્ય વસ્તુઓ કે ક્રિયાઓના સંબંધપર આધાર રાખે છે. બરફ ઉનાળામાં સુખ આપે છે, પણ શિયાળામાં તેથી દુઃખ પણ થાય છે; અને વળી શિયાળામાં પણ જેને તાવ આવ્યો હોય તેને તો બરફ સુખ જ આપે છે. ત્યારે બરફ પોતે સારૂં પણ નથી અને માઠું પણ નથી; પણ જે વસ્તુની સાથે તેને સંબંધ થાય છે તે વસ્તુને લઇને તેને સારૂં કે માઠું કહીએ છીએ. જે કાર્ય પુખ્ત ઉમ્મરનાં મનુષ્ય કરે તો તેથી તેમને શિક્ષા થાય છે તે જ બાલકો કરે તો તેથી તેમને શિક્ષા થતી નથી. આ અને એવાં જ બીજાં દૃષ્ટાન્તોથી સિદ્ધ થાય છે કે કોઈ પણ વસ્તુ કેવળ સારી કે કેવળ માઠી નથી. તેમ જ કોઈ પણ આચાર કે વિચાર કેવળ એટલે જાતે પોતે સારો કે માઠો કહી શકાય નહિ. અર્થાત્ નીતિ પણ સાપેક્ષ છે. જુદે જુદે પ્રસંગે અને જુદા જુદા સંજોગોમાં અમુક આચાર સારા કે માઠા ગણાય છે. કોઈ પણ આચાર

સર્વ દેશકાલ અને પાત્ર સંબંધે સારા કે માઠા કહેવાય નહિ.

ઉપર જે ભેદ કહ્યો અને જન જનની જે નીતિ કહી તે કેવી રીતે સંભવે છે તે સમજવા માટે—

સૃષ્ટિ સ્વરૂપ.

કાંઈક અંશે સમજી લેવાની જરૂર છે. સ્થાવર જંગમ જે જે વસ્તુઓ આપણે દેખીએ છીએ તેની જે સૃષ્ટિ છે તે ઉપરાંત અદૃષ્ય સૃષ્ટિઓ પણ છે. એ દૃષ્ય અને અદૃષ્ય સૃષ્ટિઓનો સમૂહ પ્રકૃતિ પુરૂષના સંયોગથી ઉપજ્યો છે. બીજી રીતે કહીએ તો, જે કાંઈ છે તે જડ ચેતનાત્મકછે. કાંઈ પણ એવું નથી કે જ્યાં કેવલજડ કેવલ ચેતનજ હોય. વસ્તુમાત્રમાં જે ભેદ દેખાય છે તે આ જડચેતનના અંશોની ન્યૂનાધિકતાને લીધે છે. આ જડચેતન બ્રહ્મના ભાસ છે, કલ્પને અંતે વસ્તુભાવ આ બ્રહ્મને વિષે બીજરૂપે રહે છે અને સર્ગનો સમય આવતાં એ બીજ અંકુરરૂપે વિકાસી તેમાંથી સૃષ્ટિ પ્રસરે છે. પ્રત્યેક સૃષ્ટિ પૂર્વ કલ્પાનુ સાર હોય છે અર્થાત્ પૂર્વકલ્પના સંસ્કારને અનુસાર સૃષ્ટિ માત્ર ઉપજે છે. માટે જ કહ્યું છે કે **सूर्या चंद्रम सौ धाता यथा पूर्बम कल्पयत्॥** ઇશ્વરે સૂર્ય ચંદ્ર પૂર્વે હતા તેમ ઊત્પન્ન કર્યા. એજ વિચાર ગીતાજીમાં પણ છે:—

" સૌ વ્યકતો અવ્યક્તથી, દિવસે ઊત્પન્ન થાય;
થાય લીન સૌ રાત્રિએ, તે અવ્યક્તજ માંય. ૧૮

તેજ ચરાચર ભૂત આ, અવશજ કુરૂનંદન;
થૈ લઈ પામે રાત્રિએ, થાય દિને ઉત્પન્ન. ૧૯
એ અવ્યક્તથીપર બિજો, ભાવ સનાતન જેહ;
નાશ થએ સહુ ભૂત પણ, નાશ ન પામે તેહ. ૨૦
કહે અક્ષર અવ્યક્ત વલિ, પરગતિ તેને કેહ;
જેને પામિ ન જન્મ લે, મુજ સ્વરૂપ પર તેહ." ૨૧

અ૦ ૮

આ પ્રમાણે ભૂતમાત્રનાં ઉત્પત્તિ લય થયાં કરે છે. છતાં એ સર્વનું અધિષ્ઠાન જે બ્રહ્મ તે તો અખંડજ છે. આ બ્રહ્મનું એક સ્વરૂપજ ઇશ્વર કહેવાય છે. આજ વિચાર બીજી રીતે કહીએ તો સૃષ્ટિમાત્રનું પૃથક્કરણ કરતાં તેમાં પાંચ અંશ ભાસે છે. **सत्**, **चित्**, **आनन्द**, **नाम** અને **रूप**; **सत्**=હોવાપણું, **चित्**=જાણવાપણું, **आनन्द**=પ્રિય હોવાપણું, **नाम्**=ચેતન, અને **रूप**=જડ. ઉપર આપણે કહી ગયા છીએ કે જડચેતન ઉભયાત્મક વસ્તુમાત્ર છે. એ સર્વમાં જે અવિકારી અંશ છે તે **सच्चिदानन्द** છે, પણ જે વિકારી અંશ છે, તે **नामरूप** છે. એ **नामरूप**માં રૂપ છે તે નામની ઉપાધિ છે; જડ એ ચેતનની ઉપાધિ છે; અને ચેતન છે તે **सच्चिदानन्द** જે અવિકારી અંશ છે તેનું માત્ર પ્રતિબિંબજ છે. એને જ જીવ પણ કહીએ છીએ. એ જડ ચેતનમાં વિકાર થતાં તેને જે જાણે છે તે આત્મા (સચ્ચિદાનંદ) છે. હવે આ નામ છે તે જે ઉપાધિદ્વારા ભાસે

છે તે જડ છે. એ જડ તેજ પ્રકૃતિ. એ પ્રકૃતિ ત્રણ ગુણવાળી છે; સત્વ, રજસ્, અને તમસ્ એ ત્રિગુણાત્મક પ્રકૃતિમાંથી બુદ્ધિ, મન, અને પંચતન્માત્રા, ઉત્પન્ન થાય છે. એ ત્રણનું અનેક પ્રકારે મિશ્રણ થવાથી વસ્તુમાત્રનાં રૂપ ઉપજે છે. એ રૂપોમાં જે જીવ છે તે ઇશ્વરનો અંશ છે. ત્યાં કહ્યું છે કેઃ—

" મુજ અંશ થઈ જીવનિત્, ઇન્દ્રિય મનને સાર;
પ્રકૃતિ થકી, આ લોકમાં, ખેંચે છે નિરધાર. ૭
પામે જીવ શરીરને, મૂકે જ્યારે તેમ;
લૈ ઇન્દ્રિયો જાય, વા, ગંધ સ્થલથી જેમ." भ.गी.अ.૧૫ ૮

શ્રી કૃષ્ણભગવાન કહે છે કે, મારો જ અંશ જીવલોકમાં જીવરૂપે રહ્યો છે. જેનો પુનર્જન્મ થાય છે તે આ જીવછે. વળી બીજે ઠેકાણે કહ્યું છે કે, મહત્તત્વ એ મારી યોનિ છે, અને તેમાં હું બીજ મૂકું છું અને તે દ્વારા વસ્તુમાત્ર ઉપજે છે. અર્થાત્ સૃષ્ટિના સૃજનાર, ધારણ કર્તા, તથા સંહાર કર્તા ઇશ્વર છે; અને તેમનો જે અંશ છે તે જીવરૂપ છે. એ અંશરૂપ જીવ–ચેતન–નો જડ સાથે સંબંધ થતાં અનેક પ્રકારની વસ્તુઓ ઉપજે છે.

" મહત્ બ્રહ્મ મુજ યોનિમાં, રાખું ગર્ભ હું સાર;
ઉત્પત્તિ સૌ ભૂતો તણી, થાય તેથી નિરધાર. ૩
સર્વયોનિમાં કુંતિ સુત, બને છે જે આકાર;
પ્રકૃતિયોનિ મહા તેની, હું પિતા બીજપ્રદ, ધાર." ૪

म. गी. अ. १४

આ પ્રમાણે જીવમાત્ર સ્વરૂપે એક છતાં નામરૂપે જુદા છે. એ નામરૂપ મિથ્યા છતાં, તેમનું મિથ્યાપણું ન સમજાય ત્યાં સુધી તે સત્ય છે. એ સત્ય ભાસે છે તે દશામાં, તેમનું મિથ્યાપણું સમજવા માટે, એ નામરૂપનો વિચાર કરી વિવેક કરવાની જરૂર છે. તેમ કરતાં જણાય છે કે, જીવમાત્રને જે જીવત્વ-જીવપણું-થાય છે ને જુદે જુદે કાલે થાય છે. એક પક્ષે જીવમાત્ર જુદે જુદે કાલે જીવપણું ધારણ કરે છે. તેથી અમુક કોઈ કાલે જે જે જીવો હોય છે તેમની સ્થિતિ એક એકથી જુદી જુદી હોયછે. કેટલાક ન્હાના બાળક જેવા હોય છે, કેટલાક મ્હોટા માણસ જેવા હોય છે, અને બીજા કેટલાક ઘરડા મનુષ્ય પેઠે બહુ અનુભવી હોય છે. આનો અર્થ એટલો જ કે જીવમાત્રના અનુભવ ન્યૂનાધિક હોય છે. એ અનુભવ રૂપ જે સંસ્કાર તે જુદા જુદા હોય એટલે તે સ્વભાવને અનુસાર તેમનાં કર્મ, તેમને કરવાનાં કામ-કર્તવ્યો-પણ જુદાં જુદાં હોવાંજ જોઇએ. જે કામ છોકરાને કરવાનાં હોય તે મ્હોટાંને કરવાં એ યોગ્ય-નજ ગણાય. બાલકો રમકડે રમે તે સારૂં દેખાય, પણ એજ બાલકો મ્હોટાં થયા પછી જો રમકડે રમે તો તે ખોટું કહેવાય. એજ પ્રમાણે બીજી બધી ક્રિયાઓનું પણ સમજવું. જે લોકમાં એકથી વધારે બાયડી કરવાનો રિવાજ હોય તે લોકોમાંનો પણ જે કોઈ એકજ બાયડી કરે તે વખાણવા લાયક કાર્ય કરે છે. પણ જે લોકમાં એકજ બાયડી કરવાનો

રિવાજ હોય તેઓમાં જો કોઈ બે બાયડી કરે તો તે નિંદાને પાત્રછે. આનું કારણ શું ? આનું કારણ એટલું જ કે જેઓ એક જ બાયડી કરે છે તેઓ, જેઓ એક કરતાં વધારે બાયડી કરે છે તેનાં કરતાં આગળ વધેલા કહેવાય છે અને જેઓ વધારે બાયડી કરે છે તેઓ એકજ બાયડી કરનાર મનુષ્યો કરતાં ઊતરતા કહેવાયછે, પણ જેઓમાં સ્ત્રી પુરૂષનાં બંધન જ નથી તેમના કરતાં જેઓ વધારે બાયડી કરવા છતાં તેવા બંધનમાં રહે છે તેઓ શ્રેષ્ઠ છે. આપરથી સમજાશે કે, જે એક સ્થિતિના મનુષ્યને માટે સારૂં કહેવાય તે તેથી ઊતરતી કે ચઢતી સ્થિતિના મનુષ્યને માટે નઠારૂં પણ હોય. પોતાની સ્થિતિને અનુકૂલ જે કાર્ય હોય તેજ આપણો સ્વધર્મ, એ વાત આપણે આગળ કહી ગયા છીએ. પણ તે ઊપરાંત વળી આપણે જોયું કે જીવોની સ્થિતિ જુદી જુદી હોય છે. તે દરેક જીવો એક પછી એક ચઢતી સ્થિતિ પામતા જાય છે એ વાત પણ સૃષ્ટિનું અવલોકન કરતાં સમજાય છે. આ આગળની સ્થિતિ પ્રાપ્ત કરવા માટે પણ પ્રત્યેક જીવે કાંઈ કરવાનું છે. એ જે કાંઈ કરવાનું છે તે પણ તેનો ધર્મછે. આ પરથી સ્વધર્મની પૂરેપૂરી વ્યાખ્યા હવે સમજાશે. અમુક સ્થિતિના મનુષ્યનો જે સ્વભાવ હોય તેને અનુસાર તેનું જે કર્તવ્ય હોય તે તથા તે સ્થિતિથી આગળ વધવા માટે જે કાંઈ કરવાની જરૂર હોય તે એ બે મળી વ્યક્તિ માત્રનો સ્વધર્મ કહેવાય છે. ઇશ્વર સૃષ્ટિરૂપે

વિલસે છે. વસ્તુ માત્ર તેના અંશો છે. એ પ્રત્યેક અંશ પોતપોતાનું કાર્ય યથાસ્થિત કરે તેમાં જ તેમનો શ્રેય છે.

સ્વધર્મની આ વ્યાખ્યાપરથી પરધર્મ શું તે પણ સમજાઈ જાય છે. અમુક વ્યક્તિ કે સમષ્ટિના કરતાં બહુ ચઢતી કે ઉતરતી સ્થિતિનાં વ્યક્તિ કે સમષ્ટિનાં જે ધર્મ તે.

પરધર્મ.

પરધર્મનો એક બીજો પણ અર્થ થાય છે. મનુષ્યની પ્રકૃતિ તપાસતાં જણાય છે કે, તેમાં બે અંશ રહેલા છે; એક દૈવી અને બીજો આસુરી એ બે દિવ્ય અને પશુ અંશને નામે પણ ઓળખાય છે. મનુષ્યના દૈવી અંશની પ્રવૃત્તિ એવી છે કે તેથી જીવની વૃદ્ધિ જ થાય છે, અને તેના પશુ અંશ-આસુરી પ્રકૃતિ-ની જે જે પ્રવૃત્તિ છે તે જો નિરંકુશપણે પ્રવર્તે તો તેથી તેની અધોગતિ થાય છે. ત્યારે જ્યારે દૈવી પ્રકૃતિનું પ્રાધાન્ય રહી પશુ અંશની પ્રવૃત્તિ તેને આધીન રહે ત્યારે મનુષ્યની જે પ્રવૃત્તિ થાય છે તે યથાયોગ્ય છે. હવે આમાં જે આસુરી પ્રકૃતિ છે તે દેહ અને ઇન્દ્રિયાદિની પ્રવૃત્તિ છે અને તે જ્યારે જીવથી સ્વતંત્ર થઈ કાર્ય કરે છે ત્યારે તે જે કાંઈ કરે છે તે 'પર' છે, જીવનું નહિ પણ તેનાથી કાંઈ જુદી વસ્તુનું છે. આ પ્રમાણે પરધર્મ એટલે દેહ ઇન્દ્રિયાદિના જે સ્વાભાવિક કાર્ય છે તે, એવો પણ અર્થ થાય છે. આ પ્રમાણે વિચારતાં પણ શ્રી

મુખે થએલો ઉપદેશ યોગ્ય જ છે. પરધર્મ જે દેહ ઇન્દ્રિયાદિની સ્વતંત્ર પ્રવૃત્તિ તેનાં કરતાં સ્વધર્મ જે જીવ-દૈવી અંશની પ્રવૃત્તિ છે તે શ્રેયકારક જ હોવી જોઇએ. અને વળી તે એટલે સુધી કે જીવની પ્રવૃત્તિ જે સ્વરૂપાનુસંધાન પામવાની છે તેમ કરતાં મરણ થાય તો ભલે થાય, પણ બાહ્ય સુખ ઉપભોગ આદિ જે દેહ અને ઇન્દ્રિયોના ધર્મ છે તેથી ગમે તેટલું સુખ મળે તો પણ તે અનિષ્ટ જ છે. કારણ કે, તે જીવને પોતાના સ્વરૂપથી વિમુખ કરે છે. આ તો સ્વધર્મ અને પરધર્મનું પારમાર્થિક સ્વરૂપ થયું. પણ પરધર્મ એટલે આપણા કરતાં ઉતરતા કે બહુ ચઢતા વર્ગના મનુષ્યના ધર્મ એ જે અર્થ આપણે કીધો છે તેનો કાંઇક વિચાર કરીશું.

અહિ એટલું તો સ્પષ્ટ છે કે કોઇપણ વિચારવંત મનુષ્યને, પોતાના કરતાં ઉતરતા વર્ગના લોકના આચાર પ્રમાણે વર્તવાનું મન નજ થાય. પણ પરધર્મમાં આપણે તો આપણા કરતાં બહુ ઉચ્ચ સ્થિતિનાં મનુષ્યોના આચારનો પણ સમાસ કર્યો છે. ત્યારે પ્રશ્ન થશે કે શું આપણે સારા મનુષ્યોના દાખલા લઈ તેમના જેવા થવાની ઇચ્છા ન રાખવી? સ્વધર્મનું સ્વરૂપ બરાબર સમજાયું હોય તો આ પ્રશ્ન ઊઠેજ નહિ. આપણે કહી ગયા છીએ કે પૂર્વકર્માનુસાર આપણો જે સ્વભાવ હોય તેને અનુસાર જે આપણને કરવાનું પ્રાપ્ત થયું હોય તે તથા તેની મર્યાદામાં રહી તેથી આગળ વધવાને જે કરવાનું હોય તે એ બેઉનો સ્વધર્મમાં

સમાસ થઈ જાય છે. આજ બતાવે છે કે આપણે હોઇએ તે કરતાં ઊચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવાના પ્રયત્ન કરવાં એ આપણો ધર્મ છે. ત્યારે જે ઉચ્ચ સ્થિતિના મનુષ્યોના આચાર પરધર્મમાં ગણ્યા છે તે કયા ? આપણા કરતાં બહુજ શ્રેષ્ઠ પંક્તિના મનુષ્યને યોગ્ય જે આચાર તે આપણે તે સ્થિતિમાં આપણને પરધર્મ; કારણ કે તે આચાર માટે જે અધિકાર જોઇએ તે આપણને મળ્યો નથી. તે શાથી જાણવું ? એથી જ કે જો એ અધિકાર હોત તો આપણે જે સ્થિતિમાં છીએ તેમાં ન હોઈ, જે ઉચ્ચ આચાર આપણને પરધર્મ છે તેના કરતાં તરતજ નીચેની સ્થિતિમાં આપણે હોત આપણે સારા થવાની ઇચ્છા રાખવી એ યોગ્ય છે. પણ એકદમ ટોચે ચઢી જવાની ઇચ્છા રાખવી એ અયોગ્ય છે. એક દૃષ્ટાન્ત લીધાથી આ વાત સ્પષ્ટ થશે. બાલકીને એક કાલે માતા થવાનું છે એ ખરૂં છે. પણ તે માટે યોગ્ય અધિકાર થતાં પહેલાંજ જો તે તે સ્થિતિ પ્રાપ્ત કરી લે તો તેનું પરિણામ શું ? એ તો આપણી દૃષ્ટિ આગળ જ છે. બાલમાતાઓ આપણામાં આજ જ્યાં ત્યાં નજરે પડે છે, એટલે આ પ્રશ્નના ઉત્તર માટે મગજને શ્રમ આપવાની જરૂરજ નથી. પ્રત્યક્ષને પ્રમાણ શું ? જુઓ આપણા હિંદુ સંસારની બાલમાતાને તેમના પરિવારને, અને તે બેઉના અંગ તથા મનને અને પછી તેથી થએલી આપણી સ્થિતિને, એટલે સમજાશે કે બાલાઓ એકદમ માતા થઈ બેસે છે એ કેવું અનિષ્ટ છે. જે હિંદુ-

એના પૂર્વજો ૨૦ મી સદીની દુનિઆના મહાનવિદ્વાનોને પણ ચકિત કરી નાંખે એવા સૂક્ષ્મ વિચારનાં દર્શનો ઉપજાવી ગયા છે, જેઓ આજ પર્યન્ત સર્વદેશના વિચારવંતોમાં આધ્યાત્મિક અને માનસિક શક્તિની ભવ્યતાના સ્તંભરૂપે મનાયા છે અને પૂજાયા છે, તે મહામૂજ્ય પૂર્વજોના વંશજો આજ એકાદી ડિગ્રી લેતાં જ મરણુ તોલ થઈ જાય છે, તો પછી તેમનું અનુકરણુ કરવાનો તો અવકાશજ કયાં ? કયાં છે સીતા, દ્રૌપદી, આદિ સતીઓ ! અરે એ તો કદી બહુ થઈ ગયું પણુ આપણુા જ કાલની યુરોપ અને અમેરિકા દેશની વિદ્વાન અને વિનયશીલ બાઇઓની સાથે બેસનાર પણુ આજ આપણુામાં કોઇ છે ? કદી સાથે બેસવાની વાત કોરે મૂકો, તોપણુ તેમના શિષ્ય થવાની યોગ્યતા પણુ કોઈ હિંદુ સ્ત્રીમાં છે ? આ શું ઉચ્ચ પદ પ્રાપ્ત કરવાની અભિલાષા ! જો એ બાલમાતાઓને બાલ્યાવસ્થાની કેલવણી બરાબર મળી હોત, યૌવનના સંસ્કાર યોગ્ય રીતે અને યોગ્ય કાલે થયા હોત, તે દ્વારા માતા જેવું મહાનપદ પ્રાપ્ત કરવાનો અધિકાર મળ્યો હોત, તો તેમની સ્થિતિ જુદીજ હોત. આમ થશે ત્યારે જ તેઓ એવી પ્રજા ઉત્પન્ન કરશે કે જેઓ પૂજ્ય પૂર્વજોના પૂજ્ય પુત્રરૂપે પૂજાય, અને હિંદુ સંસારનું સ્વરૂપ જ ફેરવી નાંખે. આ અને એવાં જ બીજાં દૃષ્ટાન્તો લઈ તપાસતાં સમજાશે કે આપણુને જે સ્થિતિનો અધિકાર નથી તે સ્થિતિના કર્તવ્ય, આચાર, ધર્મને જ પરધર્મ

કહ્યા છે. પુરાણુ આદિમાં જણાય છે કે નારદજીએ છલ કર્યો શ્રીકૃષ્ણચંદ્રે ધર્મરાજને અસત્ય બોલવામાં અનુમતિ આપી. અહો ! આવા મ્હોટા મ્હોટા ભૂલ કરે તો આપણે કોણ ! આમ વિચાર કરી આપણે પણ સુગમ પડે ત્યારે તેમ કરવા મંડી પડીએ છીએ. પણ જરાપણ વિચાર કરતા નથી કે નારદજી, શ્રીકૃષ્ણ એઓ કોણ ? અને આપણે કોણ ? એમની સ્થિતિ કેવી ? એમનો અધિકાર કેટલો ? એ મ્હોટા લોકોએ કર્યું હોય તેમ કરવા જઇએ છીએ તો શિવજીની પેઠે વિષપાન કેમ નથી કરતા ? કે શ્રી શંકરાચાર્યની પેઠે સીસાનો રસ કેમ નથી પીતા ? જ્યારે વિષ અને અમૃત, સીસાનો રસ અને મદિરા આપણને એક સરખી જ અસર કરે ત્યારે તો તે બેઉ લેવામાં કશી હરકત નથી. પણ એમાંનું જે સુગમ પડે તેટલું જ લેવું એ સ્વચ્છંદ જ કહેવાય. માટે જ કહેવાય છે ગુરૂ કહે તે કરવું પણ કરે તે કરવું નહિ. આનો દુરૂપયોગ પણ બહુ થાયછે. પણ વિશ્વમાં કઇ વસ્તુ એવી છે કે જેનો દુરૂપયોગ થતો નથી. આ સર્વનું તાત્પર્ય એટલું જ કે અધિકારને અનુસાર કર્તવ્ય, એ એક સૃષ્ટિ નિયમ છે; અને નિયમ ભંગ થતાં હાનિ જ છે.

ત્યારે સારા થવાની, આપણા કરતાં ઉચ્ચ પંક્તિના મનુષ્યોના જેવી સ્થિતિ પ્રાપ્ત કરવાની, ઇચ્છા થવી જોઇએ. પણ તે સ્થિતિએ પહોંચવાનાં પ્રયત્ન ધીમે ધીમે કરવાં જોઇએ. એકદમ કૂદીને ટાંટિઆ ભાંગે એમ ન થવું જોઇએ.

વળી જે સ્થિતિ મેળવવા યોગ્ય લાગે તેને માટે યોગ્ય અ-ધિકાર પ્રાપ્ત કરી લેવાપર વિશેષ ધ્યાન રહેવું જોઇએ. એ અધિકાર કયો અને કેટલો હશે તે જાણવા માટે આપણે હાલ કેટલો અધિકાર છે તે જાણવું જોઇએ. અર્થાત્ આ-પણે આપણો સ્વભાવ શું છે તે સમજવાનુ પ્રયત્ન કરવું જોઈએ. જે જે વાત આપણને સારી લાગે, ઉચ્ચ દેખાય, તે બધીને માટે આપણે યોગ્ય છીએ એમ નથી. આપ-ણામાં હજી કામનાઓ ક્ષુદ્રવાસનાઓનું જોર એટલું બધું છે કે, આપણને જે સારૂં લાગે તે માટે આપણે યોગ્ય જ છીએ, એમ કહી શકાય નહિ. સત્ય છે કે, જ્યારે અંતઃક-રણ શુદ્ધ થઈ મલિન સંસ્કારો નહિવત્ થાય ત્યારપછી આ-પણને જેની ઇચ્છા થાય તે એવી જ હોય છે કે જેને માટે આપણને અધિકાર હોય. પણ તેમ થતાં સુધી તો એમ નથી જ હતું. એટલા માટે આપણો સ્વભાવ સમ-જવાની બહુ અગત્ય છે; એટલે કાર્યમાં યોજનાર આપણને જે પ્રેરણા થાય છે તે કામના-ક્ષુદ્રવાસનાઓથી થાય છે, કે ઇચ્છા-શુદ્ધવાસનાથી થાય છે તે બરાબર તપાસવાની બહુ જરૂર છે. આમ કરતાં આપણો અધિકાર સમજાશે, આપણામાં શુદ્ધ અને અશુદ્ધ સંસ્કારો કેટલા અને કેવા છે એ સમજાયાથી, આગળ જવા માટે શું કરવું યોગ્ય છે એ પણ સમજાશે. આમ કરવું એ સામાન્ય મનુષ્યને માટે બહુ કઠિન છે માટે તેમને એ સુગમ કરી આપવા કહ્યું છે કેઃ—

" અભિરત નિજ નિજ કર્મમાં, નર પામે સંસિદ્ધિ."
૪૫-अ-૧૮.

પોત પોતાના સ્વાભાવિક કર્મોમાં મચ્યા રહેવાથી ચિત્ત શુદ્ધિ થઈ ઊત્તમ ગતિ થાય છે. આમ કરનાર મનુષ્યો બહુ સહેલથી આગળ વધી શકે છે, એથી પણુ વિશેષ કેઃ-

" સહજ કર્મ તજવાં નહીં, જો કે પાર્થ સદોષ;
ધુમે અગ્નિ પેઠ સૌ, કર્મો નહિજ અદોષ."૮. भ.गी.अ. ૧૮.

સ્વભાવથી પ્રાપ્ત થતાં કર્મ કદી દોષયુક્ત—નઠારાં-દેખાય પણુ તેનો ત્યાગ કરવો નહિ. જ્યારે કર્મ માત્રમાં દોષ તો છે જ, ત્યારે જે કર્મ સ્વભાવને અનુસાર હોય તે જ યોગ્ય કહેવાય; કારણુ કેઃ—

"પાપ ન પામે આચરી, સ્વાભાવિક નિત કર્મ."૮-
भ. गी. अ. ૧૮.

સ્વભાવથી જ નક્કિ થએલાં કર્મ કરવાથી કોઈ પણુ પ્રકારે પાપ લાગતું નથી.અહિ એ પ્રશ્ન ઊઠે કે પાપ એટલે શું? જરા વિચાર કરતાં સમજાશે કે, જેથી આગળ વૃદ્ધિ થતી અટકે તે પાપ અને જેથી ઊન્નતિ થાય તે પુણ્ય. ત્યારે સ્વાભાવિક કર્મ કરતાં જો કદી કાંઈ દોષ યુકત કાર્ય પણુ થાય તો તેની અસર એવી થાય છે કે તેથી જે અનુભવ મળવાનો બાકી હોય છે તે મળી રહે છે, અને એ પ્રમાણે તેથી પણુ ઊન્નતિ જ છે. એ વિષે એક દૃષ્ટાન્ત છે. કોઈ

એક મનુષ્ય સંસારનો ત્યાગ કરી, વનમાં જઈ યોગ સાધવા બેઠો. ઘણે કાળે તેને કેટલીક સિદ્ધિ મળી. એક દિવસ તે એક વૃક્ષ નીચે બેસી ધ્યાન કરતો હતો, તેવામાં કેટલાંક પક્ષીઓએ આવી ત્યાં કલકલાટ કરી મૂકયો આથી તે યોગીના ધ્યાનમાં ભંગ થયો. પેલા સાધુને બહુ ક્રોધ આવ્યો અને ઊંચે દૃષ્ટિ કરતાં જ તે પક્ષીઓ બળી ભસ્મ થઈ ગયાં. પોતાની શક્તિનો આ પ્રભાવ જોઈ તે યોગી બહુ હરખાયો, કે અહો ! શું મારૂં સામર્થ્ય ? હવે યોગ ખરેખરો સિદ્ધ થયો. કેટલાક સમય પછી તે પાસેના ગામમાં ભિક્ષા માગવા ગયો. એક ગૃહસ્થને ત્યાં જઈ ભિક્ષા માગી. અંદરથી જવાબ આપતાં વાર લાગી એટલે બાબાજીના મનમાં જરા ક્રોધ થયો, એટલે તે ગૃહસ્થના ઘરમાંથી કોઈ બોલ્યું કે, બાવાજી ક્રોધ ન કરશો અહિ કાંઈ પેલાં પક્ષી નથી. હાથમાં કાર્ય છે તે આટોપી આવુંછું. બાવાજીને આશ્ચર્ય લાગ્યું કે અરે એ પક્ષીનો પ્રસંગ બન્યો ત્યારે તો ત્યાં કોઈજ હતું નહિ અને આણે કેમ જાણ્યું ! એટલામાં તે ગૃહસ્થની સ્ત્રી ભિક્ષા આપવા બહાર આવી, બાવાજીને કહ્યું, હું જરા સ્વામી સેવામાં રોકાઈ હતી માટે વિલંબ થયો તે ક્ષમા કરજો. બાવો બોલ્યો ઠીક પણ પેલા પક્ષી વિષે તમે શું કહ્યું ? ત્યારે તે સ્ત્રીએ કહ્યું એ વાત તમને ફલાણો ખાટકી સમજાવશે. બાવાએ વિચાર્યું આ શું ! ખાટકી મને સમજાવશે ! લાવ જોઉંતો ખરો. આમ વિચારી

બાવાજી પેલા ખાટકીને ત્યાં ગયા. ત્યાં જુએ છે તો ખાટકી હાથમાં છરો લઇ પશુવધ કરી રહ્યો છે. બાવાજીએ વિચાર્યું આતે શું સમજાવશે ? એટલે જ તે ખાટકીની દૃષ્ટિ તેનાપર પડી. તેના આવવાનું કારણુ તે સમજ્યો અને તેને કહ્યું, બાવાજી જરા થોભો, આ કાર્યથી પરવારી તમારૂં સમાધાન કરીશ. બાવાને બહુ આશ્ચર્ય લાગ્યું. થોડીવાર પછી પોતાના કાર્યથી મુક્ત થઇ, ખાટકી તે બાવાજીને લઇને પોતાને ઘેર ગયો. ત્યાં જઇ સ્નાનાદિથી શુદ્ધ થઇ માતાપિતાની સેવા કરી, બાવાજીને પગે લાગ્યો અને તેની સાથે વાત કરવા માંડી. એ વાતમાંજ બાવાજીના પ્રશ્નનો ઉત્તર આવી ગયો. બાવાજી કહે, હુ આટલો બધો કાળ થયાં યોગ આદરૂં છું છતાં મને હજી જે શક્તિ નથી તે તમે આવા દુષ્ટાચારમાં છતાં તમને ક્યાંથી? તેના જવાબમાં તે ખાટકીએ પણુ કહ્યું હતું કે, જેઓ પોતપોતાના કાર્યમાં કાર્યત્વ બુદ્ધિ રાખી-કરવ નું છે માટેજ કરવું એમ સમજી—અભિરત રહેછે તેમનેજ પરમપદની પ્રાપ્તિ થાયછે. જેઓ સ્વાભાવિક કર્મથી ભ્રષ્ટ થઇ, જંગલમાં જઇ બેસે છે તેમને નહિ. તાત્પર્ય કે, જે જે સંબંધોમાં આપણો જન્મ થાય છે તેથીજ આપણુને બીજા મનુષ્યો પ્રત્યે ફરજ બજાવવાની આવી પડે છે. તે બધી ધર્મ સમજી યથાશક્તિ બજાવતાં જઇ, તે તથા જે કાંઇ કર્મ થાય તે સર્વ બ્રહ્માર્પણુ કરવાથી, તે કર્મનાં બંધનથી મુક્ત થવાયછે. આજ રાજમાર્ગ છે. માટે જ ખાટકી ખા-

ટકીને ધંધો કરવા છતાં નિર્લેપ રહ્યો હતો. જન્મથીજ પ્રાપ્ત થતા ધર્મો બજાવવા એજ સરળ માર્ગ એટલા માટે કે જે જન્મ થાય છે તે પૂર્વ કર્માનુસાર હોવાથી તેથી જે ફરજો આપણે માથે આવી પડે છે તે આપણા સ્વભાવને અનુસાર હોય છે એ ફરજો બજાવવાથી આપણે ઋણથી મુક્ત થઈએ છીએ, અને તે મુક્ત થવા જે કર્મ કરીએ છીએ તેમાં બ્રહ્માર્પણબુદ્ધિ રાખ્યાથી નવું ઋણ બંધાતું નથી. આનેજ સ્વવર્ણાશ્રમ ધર્મ કહ્યા છે. આજ અગર જો એ વર્ણાશ્રમ ધર્મનો ઘણે અંશે લોપ થયો છે, વર્ણનરથાને અનેક પ્રકારના વિરોધ દર્શક વાડા, જ્ઞાતિ, અને તડો બંધાયાં છે અને તેઓ અનેક પ્રકારના અનર્થ કરી રહ્યાં છે, છતાં જન્મથી જ જે જે સંબંધો થાયછે તે કાંઈ ગયા નથી. ત્યારે એ જન્મ પણ અધિકાર સૂચક જ હોવાથી તેથી પ્રાપ્ત થતાં જે જે કર્તવ્ય હોય તેજ આપણો ધર્મ છે. આ વાત ધ્યાનમાં રાખીને પણ કાર્ય કરવા જતાં વ્યવહારના અનેક પ્રસંગ એવા આવે છે કે જ્યારે,

શું કરવું ? અને શું ન કરવું ?

એ પ્રશ્ન આપણને બહુ ગૂંચવી દે છે. આવોજ પ્રસંગ પ્રાપ્ત થતાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને ઉપદેશ કીધો હતો કે

" મૂકી શાસ્ત્રવિધિ આચરે, કર્મ ઇચ્છાથી જેહ;
માટે નહિ સુખ સિદ્ધિ વલિ, નહિ પરગતિ પણ તેહ. ૨૩
માટે કાર્ય અકાર્યમાં, છે તુજ શાસ્ત્ર પ્રમાણ;
જાણી શાસ્ત્ર વિધિ કર્મ તું, કરવા યોગ્ય સુજાણ."૧૬.

भ. गी. अ. २४

શાસ્ત્રનું ઉલ્લંઘન કરી કામને આધીન થઇ યથેચ્છ આ-ચાર કરવાથી સુખ, ઉચ્ચમતિ કે પરમસિદ્ધિ એ કશું પ્રાપ્ત થતું નથી. માટે, કાર્યાકાર્યનો સંશય પડે ત્યાં શાસ્ત્રનું પ્ર-માણુ લેવું. જ્યાં શાસ્ત્રનું પ્રમાણુ ન મલી શકે ત્યાં કોઇ સત્પુરુષની આજ્ઞાને અનુસરવું. શ્રીકૃષ્ણુ ભગવાને આખા ગીતાશાસ્ત્રનો ઉપદેશ કર્યા પછી પણુ અર્જુનને શું કહ્યું હતું ? એજ કે:—

" કહ્યું ગુહ્યમાં ગુહ્યમેં, જ્ઞાન જ તુજને એમ;
અશેષ વિચારી તે, પછિ, કર તું ઇચ્છે જેમ." ૬૩.
भ. गी. अ. १८.

શ્રી કૃષ્ણુ જેવા જ્યારે સંપૂર્ણુ જ્ઞાનનો ઉપદેશ કરે અને તે પણુ અશેષ વિચાર કરીને તે પછી જેવી ઇચ્છા થાય તેમ કરવું એમ કહે, ત્યારે એનું તાત્પર્ય એટલું જ કે શાસ્ત્ર અને સત્પુરૂષોના ઉપદેશનું સારી પેઠે શ્રવણુ મનન કીધા પછી બુદ્ધિ જે નિશ્ચય કરે તે પ્રમાણે આચરવું. અહિ વિ-ચાર કર્યા પછી ઇચ્છાનુસાર વર્તવું એમ કહ્યું, અને ઉપર કામનાને ન અનુસરવું એમ કહ્યું છે તે, ઇચ્છા અને કામના વિષે આગળ આપણે જે કહ્યું છે તે પરથી યોગ્ય જ છે એમ સમજાય છે. ક્ષુદ્રવાસનાઓને ન અનુસરતાં ઉચ્ચ વાસનાઓને અનુસરવું. કોઇ બાહ્યસત્તાને અનુસરતાં જી-વની ઉન્નતિ થતી નથી. એ ઉન્નતિ તો આંતરસત્તાને અનુ-સરવાથી જ થઇ શકે છે. આંતર્ સત્તા પણુ સર્વની સરખી

હોતી નથી. એ આંતરસત્તા તે અંતર્યામી ઇશ્વરની પ્રેરણા છે. પણ એ પ્રેરણા જે આપણને સમજાય છે તે, જે બુદ્ધિદ્વારા તે સ્ફુરે છે તેના સંસ્કાર યુક્ત હોવાથી. તેના અશુદ્ધ સંસ્કારવાળી હોય છે. ત્યારે અનુભવ લેતાં લેતાં તે દ્વારા અંતઃકરણ શુદ્ધ થતાં બુદ્ધિસત્વ જેમ વિશેષ પ્રકાશે તેમ એ પ્રેરણાની શુદ્ધિ થાય. **बुद्धि कर्मानुसारिणी** બુદ્ધિનું બલ કર્મના પ્રમાણમાં ન્યૂનાધિક હોય છે. ત્યારે પોત પોતાને સ્થાને રહી એ બુદ્ધિનો વિચાર પૂર્વક ઉપયોગ કરવો. અને એમ કરતાં ઉત્તરોત્તર શુદ્ધસંસ્કારનો સંગ્રહ કરવો એ જ ઉન્નતિ. બુદ્ધિ કર્માનુસારીણી હોવાથી કાર્યાકાર્યનો વિવેક કરવાનો પ્રસંગ આવે ત્યારે તેવા જો કોઇ પ્રસંગના પૂર્વ અનુભવના સંસ્કાર થયા હોય, અને તે દૃઢ હોય, તો તે નિર્ણય ઝટ કરી શકાય છે. જ્યાં તે અદૃઢ હોય છે ત્યાં તે બોધદ્વારા કે અકાર્ય કરી તેથી થતા દુઃખના ભોગદ્વારા તે દૃઢ થાયછે. જ્યાં એવા પૂર્વ અનુભવના સંસ્કાર હોતાજ નથી ત્યાં તે વિચારપૂર્વક બોધ કે અનુભવદ્વારા પ્રાપ્ત થાય છે, અને તે સંસ્કારવિચાર કે અનુભવનાબલના પ્રમાણમાં દૃઢ કે અદૃઢ હોય છે. માટે જ અશેષ વિચાર કરવાનું કહ્યું છે.

આ પ્રમાણે આપણે આપણા સ્વભાવપર દૃષ્ટિ રાખી, આપણને શાસ્ત્ર કે સત્પુરૂષ કે એ બેઉના બોધથી જે સ્વધર્મ સમજાય તેપર અશેષ વિચાર કરી બુદ્ધિ દોરવે તેમ કરવું. આમ કરતાં કરતાં આજની જ્ઞાતિ આદિના અનિષ્ટ

રૂપોમાં સુધારણા થઇ તે શુદ્ધ સ્વરૂપ પકડશે અને શુદ્ધ સ્વરૂપે પુનઃ સ્થાપન થતાં સર્વ પ્રકારે, વ્યવહારમાં તેમ જ પરમાર્થમાં લાભ જ થશે. આ પ્રમાણે સ્વધર્મ આચરવાની ઉત્સુકતા રાખી ઉત્તરોત્તર વિશેષ અધિકાર પ્રાપ્ત કરી લેવા પ્રયત્નવાન રહેતાં એક સમય એવો આવશે કે જ્યારે શ્રી કૃષ્ણના અંતિમ બોધનો સ્વર સંભળાશે કેઃ—

" સર્વ ધર્મને મૂકિને, કર આશ્રય મુજ એક;
શોચ મ કર હું છોડવીશ, સર્વ પાપથી છેક."૬૬ अ. ૧૮

આ સ્વર સંભળાતાં જ એવી સ્થિતિ પ્રાપ્ત થશે કે જેને તે સંભળાશે તેને સંબંધે ધર્મ અધર્મ, સ્વધર્મ પરધર્મ, એવા ભેદ જ રહેશે નહિ. કર્મ માત્ર નિરભિમાનપણે, અહંતા મમતા મૂકિને, બ્રહ્માર્પણ બુદ્ધિથી થશે અને પછી જ્યાં ફલની આશા નહિ ત્યાં બંધન શેનું ? આ પ્રમાણે પુણ્ય પાપ સર્વથી નિર્લેપ રહેતાં શ્રી કૃષ્ણના ચરણારવિંદમાં નિરંતર વાસ કરવાનો અધિકાર પ્રાપ્ત થઇ રહ્યો, એટલે 'વાસુદેવ જ આ સર્વ છે' એમ પ્રત્યક્ષ અનુભવનાર દુર્લભ મહાત્માના પદને પહોંચાશે. અહો ! સ્વધર્મનું શું મહાત્મ્ય !

॥ ॐ शांतिः शांतिः शान्तिः ॥
॥ सर्वेजनास्सुखिनो भवन्तु ॥

સૂચના.

અધ્યાત્મ ચન્દ્રિકા નીચેને સ્થળે મળશે

અમદાવાદ—સેક્રેટરી, થિઓસોફિકલ સોસાઇટી

ખંભાત—યોજક પાસેથી.

સુરત—સનાતન ધર્મ સભા, ગોપિપુરા.

મુંબઈ—રા. રા. મનમોહનદાસ દયાળદાસ, ભૂલેશ્વર

ધરમપોર—સેક્રેટરી, થિઓસોફિકલ સોસાઇટી.

અમદાવાદ યુનિયન પ્રિંટિંગ પ્રેસ કંપની લિમિટેડ.